# સુરત શહેરી વિકાસ સત્તામંડળ

# અધિસૂચના

નગર રચના યોજના નં.૩૬ (વરિયાવ): સુડા, સુરતનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા અંગે.

આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત નગર આયોજના અને શહેરી વિકાસ **અધિનિયમ- ૧૯૭૬ અને નિયમો ૧૯૭૯ હેઠળ નગર રચના યોજના નં.૩૬** (વરિયાવ): સુડા: સુરતના મુસદ્દાની દરખાસ્તો તૈયાર કરવામાં આવી છે, સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા.૩૧/૦૧/૨૦૦૪ના ઠરાવ નં. ૨૩૦૭(૧) થી મુસદ્દારૂપ **નગર રચના યોજના કરવાનો ઈરાદો જાહેર કર્યા પછી સદર યોજના તૈયાર કરી** સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવાની આગળની નિયમો અનુસારની જરૂરી તમામ કાર્યવાહી કરવા માટે 'સુડા'ના મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવેલ છે, આ નિયમો અનુસારની કાર્યવાહીમાં ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ના નિયમ-૧૮ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજનાને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહીનો સમાવેશ થઇ જાય છે આ પ્રમાણેની પ્રસિધ્ધિ કરવાની સમય મર્યાદા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ નં. નરય/૧૪૦૨/૪૧૦૨/લ. તા.૦૪/૧૨/૨૦૦૪ થી તા.૩૧/૦૧/૨૦૦૫ સુધી લંબાવવામાં આવી છે. ઉક્ત નગર રચના યોજનાની હદો નીચે મુજબ છે.

ચર્તુ:સીમા:-

નગર રચના યોજના નં.૩૬ (વરીયાવ): સુડા: સુરત.

| | |
|---|---|
| ઉત્તરે : | (સુચિત) નગર રચના યોજના નં.૩૭ (વરિયાવ) (સુડા) સુરત, મોજે વરિયાવ બ્લોક નં.૧૧૯૨/પૈકી થી ૧૧૯૬/પૈકી, ૧૧૮૧/પૈકી, ૧૧૮૨/પૈકી, ૧૧૭૪/પૈકી વિગેરે. |
| દક્ષિણે : | છાપરાભાઠા ગામનો સીમાડો તથા લાગુ તાપી નદી પાળાની હદ |
| પૂર્વે : | લાગુ કોસાડના બ્લોક નં.૮૧૯/૨ તથા વરિયાવના બ્લોક નં.૧૨૫૬/પૈકી, ૧૨૫૭, ૧૨૫૮, ૧૨૫૫ વિગેરે |
| પશ્ચિમે : | લાગુ (સુચિત) નગર રચના યોજના નં.૩૭ (વરિયાવ) ની હદ |

**આ યોજનાના મુસદ્દાની નકલ જાહેર જનતાને જોવા સારૂં સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી ''સુડા ભવન'', કલેક્ટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે કચેરીના કામકાજના સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.**

યોજનાના મુસદ્દાની આ દરખાસ્તોથી અસર પામનાર કોઈપણ વ્યક્તિએ તેના વાંધા આ નોટિસ સરકારી રાજ્ય પત્રમાં જાહેર થયેથી એક મહિનાની અંદર લેખિત સ્વરૂપે સુરત શહેરી વિકાસ સત્તામંડળને રજુ કરવા.

સુરત શહેરી વિકાસ સત્તામંડળ આ યોજનાનો મુસદ્દો રાજ્ય સરકારને મંજુરી માટે મોકલે તે પહેલા આ વાંધા અને સૂચનોની તેના ગુણદોષ પર વિચારણા કરશે.

**સ્થળ: સુરત.**
**તારીખ: ૨૪/૦૧/૨૦૦૫.**

સિક્કો

સહી/-
(પંકજ જોષી)
ઈ.ચા, મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

નંબર માહિતી-૫૯૪/૦૫

# સુરત શહેરી વિકાસ સત્તા મંડળ

# અધિસૂચના

**નગર રચના યોજના નં. ૩૬ (વરિયાવ) : સુડા, સુરતનો મુસદ્દો પ્રસિદ્ધ કરવા અંગે.**

આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત નગર આ યોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને નિયમો ૧૯૭૯ હેઠળ નગર રચના યોજના નં. ૩૬ (વરિયાવ) : સુડા : સુરતના મુસદ્દાની દરખાસ્તો તૈયાર કરવામાં આવી છે, સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૩૧/૦૧/૨૦૦૪ ના ઠરાવ નં. ૨૩૦૭(૧) થી મુસદ્દારૂપ નગર રચના યોજના કરવાનો ઈરાદો જાહેર કર્યા પછી સદર યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવાની આગળની નિયમો અનુસારની જરૂરી તમામ કાર્યવાહી કરવા માટે 'સુડા'ના મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવેલ છે, આ નિયમો અનુસારની કાર્યવાહીમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ ના નિયમ-૧૮ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજનાને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહીનો સમાવેશ થઈ જાય છે આ પ્રમાણેની પ્રસિધ્ધિ કરવાની સમય મર્યાદા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ નં. નરય/૧૪૦૨/૪૧૦૨/લ. તા. ૦૪/૧૨/૨૦૦૪ થી તા. ૩૧/૦૧/૨૦૦૫ સુધી લંબાવવામાં આવી છે. ઉક્ત નગર રચના યોજનાની હદો નીચે મુજબ છે.

ચર્તુઃ સીમા :-

<u>નગર રચના યોજના નં. ૩૬ (વરીયાવ) : સુડા : સુરત.</u>

ઉત્તરે : (સુચિત) નગર રચના યોજના નં. ૩૭ (વરિયાવ) (સુડા) સુરત, મોજે વરિયાવ બ્લોક નં. ૧૧૯૨/પૈકી થી ૧૧૯૬/પૈકી, ૧૧૮૧/પૈકી, ૧૧૮૨/પૈકી, ૧૧૭૪/પૈકી વિગેરે.

દક્ષિણે : છાપરાભાઠા ગામનો સીમાડો તથા લાગુ તાપી નદી પાળાની હદ

પૂર્વે : લાગુ કોસાડના બ્લોક નં. ૮૧૯/૨ તથા વરિયાવના બ્લોક નં. ૧૨૫૬/પૈકી, ૧૨૫૭, ૧૨૫૮, ૧૨૫૫ વિગેરે.

પશ્ચિમે: લાગુ (સૂચિત) નગર રચના યોજના નં. ૩૭ (વરિયાવ)ની હદ

આ યોજનાના મુસદ્દાની નકલ જાહેર જનતાને જોવા સારૂં સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી 'સુડા ભવન', કલેક્ટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે કચેરીના કામકાજના સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

યોજનાના મુસદ્દાની આ દરખાસ્તોથી અસર પામનાર કોઈપણ વ્યક્તિએ તેના વાંધા આ નોટિસ સરકારી રાજ્ય પત્રમાં જાહેર થયેથી એક મહિનાની અંદર લેખિત સ્વરૂપે સુરત શહેરી વિકાસ સત્તામંડળને રજૂ કરવા.

સુરત શહેરી વિકાસ સત્તામંડળ આ યોજનાનો મુસદ્દો રાજ્ય સરકારને મંજુરી માટે મોકલે તે પહેલા આ વાંધા અને સૂચનોની તેના ગુણદોષ પર વિચારણા કરશે.

સીલ

સ્થળ : સુરત.
તારીખ : ૨૪/૦૧/૨૦૦૫.

સહી/-
(પંકજ જોષી)
ઈ.ચા., મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

નંબર માહિતી-સુરત ૫૯૪/૦૫